# Children's University

Subhash Chandra Bose Shikshan Sankul, Children's University Circle, Nr. Chh 5, Sector-20, Gandhinagar

www.cugujarat.ac.in

E-mail:info.chiuni@gmail.com

## 'વિદ્યાનિકેતન' તરીકે માન્યતાપ્રાપ્તિ માટેના માપદંડો

### ભૂમિકા:

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ગુજરાત સરકાર ગેઝેટમાં તા.૩૧/૦૭/૨૦૦૯ના પ્રસિદ્ધ થયેલા એક્ટની કલમ ૬ ની પેટા કલમ (૯) મુજબ શિક્ષણના જુદાજુદા તબક્કે વિદ્યાનિકેતન ઊભાં કરવાની બાબત છે. વિશ્વવિદ્યાલય સંકુલમાં કે અન્યત્ર સ્થાપિત થયેલાં આવા વિદ્યાનિકેતનોમાં સંશોધન, શિક્ષક-તાલીમ, અને અધ્યાપન અધ્યયન સામગ્રી તૈયાર કરવાની બાબતો સમાવિષ્ટ છે. વળી એક્ટની કલમ ૬ ની પેટા કલમ (૧૬) , (૧૭) માં વિદ્યાનિકેતન તરીકે ઓળખાતી, પસંદગી પામેલી અને માન્યતાપ્રાપ્ત શાળાઓ માટે યુનિવર્સિટી નિર્દેશિત કાર્યક્રમો માટે વ્યવસ્થા, આયોજન અને સંચાલનનું તંત્ર ગોઠવી વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધરવાની બાબતનો સમાવેશ કરેલો છે. આ ઉપરાંત એક્ટની કલમ ૨૪ની પેટા કલમ (૩)માં ભવનો અને સંસ્થાઓને જોડાણ અને માન્યતા આપવાની બાબતનો ઉલ્લેખ છે.

ઉપર દર્શાવેલ એક્ટની કલમો પ્રમાણે આ વિદ્યાલયો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના દર્શન અને ધ્યેયમાં સૂચિત કાર્યક્ષેત્રને લગતાં સંશોધન, અભ્યાસ અને નવીન પ્રયોગો માટેની પ્રયોગભૂમિ બની રહે તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. ઉપરાંત, આવાં વિદ્યાલયો અન્ય વિદ્યાલયો માટે એક ઉત્તમ નમૂનો પૂરો પાડી શકે તે રીતે તેનો ક્રમશઃ વિકાસ કરવાનો છે. આ હેતુને સિદ્ધ કરવા માટે સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશન અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ વિદ્યાનિકેતનના વિવિધ કાર્યક્રમો અને પ્રયોગો હાથ ધરવામાં આવશે.

### વિદ્યાનિકેતનના લક્ષ્ય :

- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શિક્ષણદર્શનનું વ્યવહારમાં રૂપાંતરણ કરવું.
- ભારતીય દર્શન તથા મનોવિજ્ઞાનની આધારશિલા પર શિક્ષણતંત્ર વિકસાવવું અને ક્રિયાન્વિત કરવું.

- ૩ થી ૧૮ વર્ષની ઉંમરનાં બાળકોના સર્વક્ષેત્રીય વિકાસમાં મદદ કરવી.
- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કરેલાં સંશોધનોનાં પરિણામો પરથી ફલિત થયેલી સમજ અનુસાર પૂર્વપ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક કક્ષાએ શિક્ષણનું પ્રયોગીકરણ તથા પુનર્ગઠન કરવું.
- સામાજિક ચેતનાનું કેન્દ્ર બનાવવું.

## વિદ્યાનિકેતન તરીકે માન્યતા મેળવવા અને ચાલુ રાખવા માટેના માપદંડો

## ભૌતિક સુવિધા

ઓછામાં ઓછી નીચે દર્શાવેલી ભૌતિક સુવિધાઓ આવશ્યક છે.:

1. શાળા સરકારી માન્યતાપ્રાપ્ત  હોવી જોઈએ.
2. શાળાનું ટ્રસ્ટ રજિસ્ટર્ડ હોવું જોઈએ.
3. શાળાનું ભવન ટ્રસ્ટની માલિકીનું અથવા લાંબાગાળાના ભાડાપટ્ટે હોવું જોઈએ.
4. પર્યાપ્ત રમતનું  મેદાન હોવું આવશ્યક છે.
5. સંસ્થામાં ચાલતા દરેક ધોરણ માટે અલગ વર્ગખંડ હોવા જોઈએ તેમ જ પર્યાપ્ત શિક્ષક-સંખ્યા જરૂરી છે.
6. વર્ગખંડો સુવિધાજનક  હોવા જોઈએ.
7. આચાર્યખંડ, શિક્ષકખંડ, કાર્યાલયખંડ, પુસ્તકાલય, પ્રયોગશાળા, કમ્પ્યૂટર રૂમ, પ્રાર્થનાખંડ અને અન્ય વર્ગો હોવાં જોઈએ
8. કમ્પ્યૂટર – શિક્ષણની વ્યવસ્થા હોવી જોઈએ.
9. શાળા મંડળ/ ટ્રસ્ટ ઓછામાં ઓછું એક વર્ષનો શાળાનિભાવ માટેનો તમામ ખર્ચ કરી શકે તેટલું આર્થિક રીતે સદ્ધર હોવું જોઈએ.
10. શાળાના મકાનનો ઉપયોગ શિક્ષણના હેતુ સિવાય અન્ય કોઇ પ્રવૃત્તિ માટે થતો હોય તો શાળાને ખલેલ ન પહોંચે તે રીતે થવો જોઈએ
11. સંબંધિત વૈધાનિક મંડળોની માન્યતા મેળવેલી હોવી જોઈએ.
12. શાળામાં વિદ્યાર્થીઓ માટે પીવાના શુદ્ધ પાણીની સગવડ હોવી જોઈએ.
13. શાળામાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી હોવી જરૂરી છે.
14. વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે સેનિટેશનની પૂરતી  અલાયદી સગવડ હોવી જોઈએ.
15. શાળાના મકાનમાં અગ્નિશામક સાધનો પૂરતા પ્રમાણમાં વસાવેલાં હોવાં જોઈએ તેમ જ ફાયર સેફ્ટી  અંગેનું સર્ટિફિકેટ ફાયર વિભાગમાંથી મેળવેલ હોવું જોઈએ.

## માન્યતાપ્રાપ્તિ માટેનું શુલ્ક
## વિદ્યાલયના પ્રકારને ધ્યાનમાં લઈને નીચે પ્રમાણે રહેશે. ( ત્રણ વર્ષ માટે)

| શાળા પ્રકાર | માન્યતા શુલ્ક** | | | |
|---|---|---|---|---|
| | પ્રથમ વખત માન્યતા | પુનઃમાન્યતા | અરજી ફી | પ્રોસેસિંગ ફી |
| સરકારી શાળા | નિઃશુલ્ક | નિઃશુલ્ક | નિઃશુલ્ક | નિઃશુલ્ક |
| અનુદાનિત શાળા | ૧૦૦૦૦* | ૫૦૦૦ | ૫૦૦ | ૧૦૦૦ |
| સ્વનિર્ભર શાળા | ૨૦૦૦૦* | ૧૦૦૦૦ | ૫૦૦ | ૧૦૦૦ |

****દરેક પ્રકારની ફી nonrefundable રહેશે.**

***ઉપર્યુક્ત ફી માંથી ૫૦૦૦ રૂપિયા ડીપોઝીટ પેટે રહેશે.**

## શૈક્ષણિક તેમ જ વહીવટી બાબતો

1. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સૂચવે તે ઉત્સવો, તહેવારો, કાર્યક્રમોની ઉજવણી/આયોજન કરવા માટે શાળા સંમત હોવી જોઈએ.
2. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સૂચવે તે શૈક્ષણિક અને સહઆભ્યાસિક પ્રવૃત્તિઓ હાથ ધરવાની રહેશે.
3. ટ્રસ્ટે નિયત નમૂનામાં બાહેધરી આપવાની રહેશે.
4. શાળાએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સૂચવે તે કોઈ પણ સંશોધન પ્રકલ્પોમાં ભાગ લેવાની તૈયારી હોવી જોઈએ.
5. આવિષ્કાર અને સંકલિત અભ્યાસશ્રેણીનો સ્વીકાર અને અમલ કરવાનો રહેશે.
6. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલી વાર્ષિક કાર્યયોજના(કેલેન્ડર)નું અમલીકરણ કરવાનું રહેશે.
7. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રશિક્ષણ કાર્યક્રમોમાં અનિવાર્યપણે સહભાગિતા હોવી જોઈએ.
8. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા જે કેટલીક મુદ્રિત સામગ્રી આપવામાં આવે જેવી  કે, વાર્ષિક કેલેન્ડર, ડાયરી, સ્ટીકર વગેરે સૂચવે તે જરૂરી શૈક્ષણિક સામગ્રી વસાવવાની રહેશે.
9. તમામ વિદ્યાનિકેતનમાં કરવામાં આવતી વંદના/પ્રાર્થનામાં એકસૂત્રતા સૂચવવામાં આવશે તેનો સ્વૈચ્છિક અમલ કરવાનો રહેશે.
10. ચિલ્ડ્રન્સ યુનીવર્સીટી દ્વારા શાળાને નિભાવ પેટે કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ આપવામાં આવશે નહીં.

11. વિદ્યાનિકેતન યોજના અંતર્ગત જો કોઈ વધારાનાં ધોરણો, નિયમો, માનદંડો કે વ્યવસ્થા સૂચવવામાં આવે તો તેનું પાલન કરવાનું રહેશે.

12. વર્ષના અંતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વિદ્યાનિકેતન સંબંધિત પ્રવૃત્તિ/કાર્યક્રમોનો વાર્ષિક અહેવાલ મોકલવાનો રહેશે.

13. યુનિવર્સિટીએ શાળા-મૂલ્યાંકન (Accreditation)ના માપદંડો વિકસાવ્યા છે. શાળાઓ પોતાના વિકાસ માટે આવું મૂલ્યાંકન કરવું ફરજિયાત રહેશે.

14. પ્રતિવર્ષ વિદ્યાનિકેતનની સહભાગિતાનું મૂલ્યાંકન કરીને જ માન્યતા ચાલુ રાખવી કે કેમ તે યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવશે. આ માટે યુનિવર્સિટી દ્વારા 'સ્થળ તપાસ સમિતિની' રચના કરવામાં આવશે.

15. યુનીવર્સીટી સૂચવે તે પ્રમાણે વર્ગને અનુરૂપ સાધન-સામગ્રી વસાવવાની રહેશે.

## અન્ય આવશ્યક નિયમો

1. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન તરીકે માન્યતા પામેલી દરેક વિદ્યાનિકેતન શાળાઓએ યુનિવર્સિટી દ્વારા નક્કી થયેલા નિયમો માન્ય રાખવાના રહેશે.
2. વર્ષના અંતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન તરીકે માન્યતા પામેલી દરેક વિદ્યાનિકેતન શાળાઓએ વિદ્યાનિકેતન પ્રવૃત્તિ અંગેનો વાર્ષિક અહેવાલ બનાવવો અને તે દરેક વર્ષે એપ્રિલ માસની ૩૦ તારીખ સુધીમાં યુનિવર્સિટીને મોકલી આપવાનો રહેશે.
3. દરેક વિદ્યાનિકેતન શાળાઓ પાસે વખતોવખત કોઈ પણ જરૂરી માહિતી માગ્યે શાળાએ તેની પૂર્તિ કરવાની રહેશે.
4. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વિદ્યાનિકેતન તરીકે માન્યતા પામેલી દરેક શાળાની માન્યતા જો સફળતાપૂર્વક પાંચ વર્ષ સુધી રહેશે તો તેવી શાળા/સંસ્થા લાંબા ગાળા માટે માન્યતા મેળવવા સક્ષમ બનશે અને તેમણે કાયમી માન્યતા મેળવવા અરજી કરવાની રહેશે.
5. માન્યતા પામેલી શાળા જો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના 'વિદ્યાનિકેતન' તરીકેની માન્યતા રદ કરવા ઈચ્છતી હોય તો તેવી શાળાઓએ માન્યતા રદ કરવા માટેની અરજી તેમ જ ટ્રસ્ટ દ્વારા પસાર કરેલો ઠરાવ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સરનામે મોકલી આપવાનાં રહેશે.
6. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન તરીકે માન્યતા રદ કરેલ શાળા કે સંસ્થા જે તે શૈક્ષણિક વર્ષ પછીનાં પાંચ વર્ષ સુધી માન્યતા માંગી શકશે નહીં.
7. કોર્ટ અને કાયદા સંબંધી બાબતોની ફરિયાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલસચિવશ્રીના નામે કરવાની રહેશે.
8. વિદ્યાનિકેતન શાળાના સંયોજક તરીકેની ભૂમિકા ટ્રસ્ટીશ્રી અથવા આચાર્યશ્રીએ નિભાવવાની રહેશે.

9. વિદ્યાનિકેતન શાળાની જો કોઈ પણ પ્રકારની અનિયમિતતા યુનિવર્સિટીના ધ્યાનમાં આવશે તો યોગ્ય તપાસ કરીને માન્યતા રદ કરવાની સત્તા યુનિવર્સિટી પાસે અબાધિત રહેશે.

10. વિદ્યાનિકેતન શાળા જો પોતાની સંસ્થામાં યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ સાહિત્યનું વેચાણ કરશે તો તેમાં શાળાને ૩૦ % ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

11. ઉપરોક્ત નિયમો તમામ માન્યતાપ્રાપ્ત વિદ્યાનિકેતન શાળાઓને જૂની અસરથી લાગુ નહીં પડે.

12. વિદ્યાનિકેતન તરીકે આપની શાળાના વિકાસ અંગે અથવા કોઈ પણ પ્રકારની આવશ્યકતા અંગે વિભાગઅધ્યક્ષ વિદ્યાનિકેતનના ને અથવા સ્કૂલ ઓફ ઈનોવેટિવ એજ્યુકેશનના નિયામકશ્રીને રજૂઆત કરી શકાશે.